**Booklet No.** 08777

**Booklet Type** A

Name & Signature of the Invigilator

.............................................

.............................................

# PAPER-I

**SEPT/13/00**

ICR Answer Sheet No. : 

Roll No. : 

Roll Number in words : ......................................

**Time : 1.15 Minutes]** **No. of Printed Pages : 24** **[Maximum Marks : 100**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of Sixty (60) multiple choice type questions. Attempt any 50 questions. In the event of candidate attempting more than 50 questions, the first Fifty (50) questions attempted by the candidate would be evaluated.
3. At the commencement of examination, the question booklet will be given to candidate. In the first 5 minutes, candidate is requested to open the booklet and compulsorily examine it as below.
   - (i) To have access to the question booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   - (ii) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of five minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.
   - (iii) After this verification is over, the test booklet number should be entered in the ICR answer sheet and the ICR Answer Sheet number should be entered on this test booklet.
4. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method **A** Wrong method **A** OR **A**

5. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper I only.
6. Read instructions given inside carefully.
7. Rough work is to be done in the end of the booklet only.
8. You have to return the original ICR Answer Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the examination hall. You are, however, allowed to carry duplicate copy of ICR sheet and test booklet on conclusion of the examination.
9. Use black ball point pen.
10. Use of any Calculators or log tables or any other electronic devices is prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in Gujarati and English version of questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા સાઈઠ (૬૦) પ્રશ્નો આપેલા છે. ગમે તે પચાસ (૫૦) પ્રશ્નોના જવાબ લખવા. જો કોઈ વિદ્યાર્થી ૫૦થી વધારે પ્રશ્નોના જવાબ લખે તો પ્રથમ પચાસ (૫૦) પ્રશ્નો માન્ય થશે.
3. પરીક્ષાની શરૂઆતમાં ઉમેદવારને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ ૫ મિનિટ દરમ્યાન, ઉમેદવારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું.
   - (i) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પેજની ધાર પર આપેલ સીલ ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   - (ii) કવર પૃષ્ઠ પર છાપેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પૃષ્ઠો/પ્રશ્નો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં ન હોય અથવા કોઈ અન્ય ક્ષતિ હોય અર્થાત કોઈપણ પ્રકારે ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારવી નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સાચી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમય પણ આપવામાં આવશે નહીં.
   - (iii) આ ચકાસણી સમાપ્ત થાયપછી, ટેસ્ટ પુસ્તિકા નંબર ICR જવાબ પત્રકમાં લખવો અને ICR જવાબ પત્રક નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર ઉત્તર વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. પસંદગીનો જવાબ માત્ર અંગ્રેજી કેપીટલ મૂળાક્ષર દ્વારા જ આપવો. પસંદ કરેલ અંગ્રેજી કેપીટલ અક્ષર આપેલ ખાનામાં સંપૂર્ણ રીતે સમાઈ જાય તે રીતે લખવો.

   સાચી રીત : **A** ખોટી રીત : **A** અથવા **A**

5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ ICR જવાબ પત્રકમાં પેપર–૧ લખેલ વિભાગમાં જ લખવા.
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. આ પ્રશ્નપુસ્તિકાની અંતે આપેલ પાનું રફ કામ માટે છે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી ઓરીજીનલ ICR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈપણ સંજોગોમાં પરીક્ષાખંડની બહાર જઈ શકશે નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પ્રશ્નપુસ્તિકા તથા ICR જવાબવહીની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી પેન/કાળી બોલ પેન વાપરવી.
10. કેલ્ક્યુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

## PAPER–I

## પેપર–I

*Note* : This paper contains **Sixty (60)** multiple-choice questions of **two** marks each. You are required to answer any **fifty (50)** questions out of them. If you attempt more than **50** questions, the first **50** questions you have attempted will be evaluated. There is no negative marking for wrong answers.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં ૬૦ (સાઈઠ) બહુવિકલ્પી પ્રશ્નો આપેલા છે. પ્રત્યેક પ્રશ્ન બે ગુણનો છે. આમાંથી તમારે ૫૦ (પચાસ) પ્રશ્નોના ઉત્તરો આપવાના છે. પરંતુ જો તમે ૫૦ કરતાં વધારે પ્રશ્નોના ઉત્તરો આપશો તો તેમાંના પહેલા ૫૦ પ્રશ્નો જ તપાસવામાં આવશે. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.

---

1. Teaching means to help students
   (A) how to think
   (B) what to think
   (C) why to think
   (D) when to think

2. Which of the following is *not* true when we say that 'An educational institution is a laboratory that provides experiences' ?
   (A) in absorbing and producing knowledge
   (B) in getting life's adventure
   (C) for practical economics and self-development
   (D) for actually completing the course

3. Regularity in class attendance can be ensured by
   (A) organising cultural programmes in the college
   (B) imposing fine from students
   (C) having frequent interaction with parents and students
   (D) having strict discipline code in the college

1. અધ્યાપન એટલે વિદ્યાર્થીઓને મદદ કરવી
   (A) કેવી રીતે વિચારવું
   (B) શું વિચારવું
   (C) શા માટે વિચારવું
   (D) ક્યારે વિચારવું

2. નીચેનામાંથી કયું સાચું નથી જ્યારે આપણે કહીએ કે, શૈક્ષણિક સંસ્થાઓ તે અનુભવ પૂરો પાડનાર પ્રયોગશાળા છે ?
   (A) જ્ઞાનનું સમાવવું અને સર્જન કરવું
   (B) જીવનમાં સાહસી બનવું
   (C) આર્થિક વ્યવહારો અને સ્વ વિકાસ માટે
   (D) વાસ્તવમાં અભ્યાસક્રમ પૂર્ણ કરવો

3. વર્ગમાં હાજરીની નિયમિતાની શેના દ્વારા ખાત્રી કરી શકાય.
   (A) કોલેજમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન થાય છે
   (B) વિદ્યાર્થીઓ પાસેથી દંડ લેવો
   (C) સમયાંતરે વિદ્યાર્થી અને વાલી સાથે આંતરક્રિયા કરવી
   (D) કોલેજમાં કડક શિસ્તનું પાલન કરવું

4. The purpose of using teaching aids in the classroom is to

(A) motivate students for learning

(B) concretise abstract concepts

(C) simplify teaching

(D) use imagination of students

5. A college teacher will really help students if she

(A) explains at length

(B) is objective in her evaluation

(C) encourages students to learn on their own

(D) covers syllabus completely in the class

6. Which of the following is a more desirable outcome of teaching in higher education ?

(A) Increase in student scores

(B) Enhanced independent thinking of students

(C) Higher pass percentage

(D) Increase in number of students who opt for the subject

7. Which of the following kinds of research studies does *not* require sampling ?

(A) Ex-post Facto

(B) Experimental

(C) Survey

(D) Case study

4. શૈક્ષણિક સાધનોનો વર્ગખંડમાં ઉપયોગ કરવાનો હેતુ

(A) વિદ્યાર્થીઓને અધ્યયન માટે પ્રેરિત કરવા

(B) અમૂર્ત ખ્યાલોને મૂર્ત કરવા

(C) સરળ અધ્યાપન

(D) વિદ્યાર્થીઓની કલ્પના શક્તિનો ઉપયોગ કરવા

5. અધ્યાપક વિદ્યાર્થીઓને ખરેખર ઉપયોગી થઈ શકે, જો તે :

(A) વિગતે સમજાવે

(B) તેના મૂલ્યાંકનમાં પારદર્શક બને

(C) વિદ્યાર્થીઓને સ્વઅધ્યયન માટે પ્રેરિત કરે

(D) વર્ગખંડમાં અભ્યાસક્રમ પૂરો કરે

6. નીચેનામાંથી કયું ઉચ્ચ શિક્ષણમાં વધારે શૈક્ષણિક પ્રદાન છે ?

(A) વિદ્યાર્થી સંખ્યામાં વૃદ્ધિ

(B) વિદ્યાર્થીઓમાં સ્વતંત્ર વિચારણા વિકસાવવી

(C) સફળતાના પ્રમાણમાં વધારો

(D) વિષય પસંદગી કરતાં વિદ્યાર્થીઓની સંખ્યામાં વૃદ્ધિ

7. નીચેના સંશોધન પ્રકારના અભ્યાસમાં નમૂના પસંદગીની જરૂર નથી ?

(A) કારણ-તુલનાત્મક

(B) પ્રાયોગિક

(C) સર્વેક્ષણ

(D) વ્યક્તિ અભ્યાસ

8. Which of the following pertains to scientific method ?

(A) experiential evidences

(B) hypothetico deduction

(C) a priori exploration

(D) belief in subjectivity of evidence

8. વૈજ્ઞાનિક પદ્ધતિ સાથે નીચેનામાંથી કઈ બાબત સંબદ્ધ છે ?

(A) પ્રાયોગિક પૂરાવાઓ

(B) ઉત્કલ્પના આધારિત અનુમાન

(C) પૂર્વ તપાસ

(D) પૂરાવાઓ તરફી આત્મલક્ષી માન્યતા

9. Opinion of 'facebook users' on reservation policy in education is to be studied. The most appropriate sampling technique for the purpose is :

(A) Stratified Random Sampling

(B) Snowball Sampling

(C) Cluster Sampling

(D) Quota Sampling

9. 'ફેઈસ બુક' ઉપયોગકર્તાઓના અભિપ્રાયોના આધારે શિક્ષણમાં અનામત નીતિનો અભ્યાસ કરવો છે. આ માટે સૌથી વધુ યોગ્ય નમૂના પસંદગીની પ્રયુક્તિ કઈ છે ?

(A) સ્તરિકૃત યાદૃચ્છિક નમૂનો

(B) 'સ્નો બોલ' નમૂનો

(C) ઝૂમખા નમૂનો

(D) ક્વોટા નમૂનો

10. One's attitude towards knowledge should be :

(A) to accept what is proved by empirical evidence

(B) to accept believing that knowledge leads to improvement

(C) to accept the final truth

(D) not to accept anything that is not personally verified

10. જ્ઞાન પ્રત્યેનું કોઈનું વલણ કેવું હોવું જોઈએ ?

(A) વ્યવહારૂ આધારો સાથે શું સાબિત થયું છે તેનો સ્વિકાર

(B) જ્ઞાન સુધારણા માટેનો માર્ગ છે તેવી માન્યતાનો સ્વિકાર

(C) અંતિમ સત્યનો સ્વિકાર

(D) વ્યક્તિગત ચકાસણી વિના કોઈપણ વસ્તુનો અસ્વિકાર

11. Objectivity in research implies :

(A) Correct judgement of truth

(B) Findings consistent with reality

(C) Agreement in results

(D) Methodological sophistication

12. The research that aims at immediate application is

(A) Action Research

(B) Empirical Research

(C) Conceptual Research

(D) Fundamental Research

13. Find the odd one out

(A) CD ROM

(B) Hard Disk

(C) Pen Drive

(D) RAM

14. Radio and TV are more powerful and successful than the newspaper in communicating socially relevant messages because :

(A) they are designed for such purposes

(B) they are capable of catching the attention of people

(C) they present a variety of programmes

(D) they can reach even the illiterate masses

11. સંશોધનમાં પારદર્શિતા સૂચવે છે કે :

(A) સત્ય માટે સાચો નિર્ણય

(B) વાસ્તવિકતા સાથે તારણોમાં સાતત્ય

(C) પરિણામમાં સહમતિ

(D) પદ્ધતિશાસ્ત્રીય વિકૃતિકરણ

12. તત્કાળ ઉપયોગમાં આવે તેવા હેતુ માટેનું સંશોધન એટલે

(A) ક્રિયાત્મક સંશોધન

(B) વ્યવહારૂ સંશોધન

(C) સંકલ્પનાત્મક સંશોધન

(D) મૂળગત સંશોધન

13. નીચેનામાં કયું બંધબેસતુ નથી ?

(A) CD ROM

(B) Hard Disk

(C) Pen Drive

(D) RAM

14. સામાજિક રીતે પ્રસ્તુત હોય તેવા સંદેશનું પ્રત્યાયન કરવામાં છાપાં કરતાં રેડિયો અને ટી.વી. વધુ શક્તિશાળી અને સફળ પુરવાર થાય છે કારણ કે :

(A) તેઓ આ હેતુ માટે જ નિર્માણ થયેલા છે

(B) તેઓ લોકોનું ધ્યાન આકર્ષવા માટે સક્ષમ છે

(C) તેઓ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો રજૂ કરે છે

(D) તેઓ નિરક્ષર જનસમૂહ સુધી પહોંચે છે

15. One significant feature that enhances quality of teacher's communication in classroom is :

(A) low noise level inside and outside classroom

(B) students' level of understanding

(C) teacher's ability to empathise with students

(D) accuracy in the content being communicated

16. Full form of PDF is :

(A) Portable Document Format

(B) Portable Document File

(C) Permanent Document Format

(D) Permanent Document File

17. The relation of data to information is that of

(A) raw material to its processing

(B) raw material to its quality

(C) raw material to a finished product

(D) both (A) and (B) above

18. The set of procedures for handling the information transaction processing systems excludes

(A) calculation

(B) classification

(C) sorting

(D) conclusion

15. વર્ગ-પ્રત્યાયનની ગુણવત્તામાં વધારો કરનાર મહત્વનું પરિબળ કયું છે ?

(A) વર્ગની અંદર અને બહાર ખૂબ ઓછો અવાજ

(B) વિદ્યાર્થીઓની સમજનો સ્તર

(C) વિદ્યાર્થીઓ સાથે સમાનુભૂતિ સ્થાપિત કરવાની શિક્ષકની ક્ષમતા

(D) પ્રત્યાયનના વિષયવસ્તુની ચોકકસાઈ

16. PDF નું પૂર્ણ સ્વરૂપ ....... છે.

(A) Portable Document Format

(B) Portable Document File

(C) Permanent Document Format

(D) Permanent Document File

17. ડેટાનો માહિતી સાથેનો સંબંધ ...... જેવો છે.

(A) કાચી સામગ્રીનો તેની પ્રક્રિયા સાથે

(B) કાચી સામગ્રીનો તેની ગુણવત્તા સાથે

(C) કાચી સામગ્રીનો અંતિમ ઉત્પાદન સાથે

(D) ઉપરોક્ત (A) અને (B) બંને

18. ઈન્ફર્મેશન ટ્રાન્ઝેકશન પ્રોસેસિંગ સિસ્ટમ્સને ચલાવવા માટે ........ પ્રવિધિઓ બાકાત રહે છે.

(A) ગણતરી

(B) વર્ગીકરણ

(C) ગુણ-કદ પ્રમાણે ગોઠવણ

(D) તારણ

19. To disrupt cellphone reception in a specific region jammers are used. This is a tool to obstruct communication at

(A) Receiver level

(B) Sender level

(C) Feedback level

(D) Media level

20. The potential of ICT is better utilized when used as a

(A) Teaching Supplement

(B) Teaching Support

(C) Learning Resource

(D) Learning Reinforcement

21. Which TV channel is launched to provide technology based real classroom experiences through virtual mode to the distance education learners ?

(A) Gyan Darshan

(B) Eklavya

(C) Vyas

(D) Kisan

22. A computer operating system that permits large number of students and teachers to run programs at the same time is known as

(A) Multiprogramming System

(B) Real Time System

(C) Multitasking System

(D) Time Sharing System

19. નિશ્ચિત ક્ષેત્રમાં સેલફોનના તરંગોને મળતા અટકાવવા માટે જામરનો ઉપયોગ થાય છે. આ સાધન પ્રત્યાયનને ........ સ્તરે અટકાવે છે.

(A) મેળવનારના સ્તરે

(B) મોકલનારના સ્તરે

(C) પ્રતિપોષણ સ્તરે

(D) માધ્યમોના સ્તરે

20. ICT નો યોગ્ય ઉપયોગ ત્યારે થયો ગણાય જ્યારે તેનો ઉપયોગ

(A) અધ્યાપનમાં પૂરક તરીકે થાય

(B) અધ્યાપનમાં સમર્થક તરીકે થાય

(C) અધ્યયનના સ્ત્રોત તરીકે થાય

(D) અધ્યયન સુદૃઢક તરીકે થાય

21. દૂરવર્તિ શિક્ષણના વિદ્યાર્થીઓને વાસ્તવિક વર્ગખંડનો અનુભવ આભાસી રીતે કઈ TV ચેનલ દ્વારા પૂરો પાડવામાં આવે છે ?

(A) જ્ઞાન દર્શન

(B) એકલવ્ય

(C) વ્યાસ

(D) કિસાન

22. એક સાથે અનેક વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રોગ્રામ ચલાવવાની છૂટ આપે તેવી કમ્પ્યૂટર ઓપરેટિંગ સિસ્ટમ શાનાથી ઓળખાય છે ?

(A) મલ્ટી પ્રોગ્રામિંગ સિસ્ટમ

(B) રીઅલ ટાઈમ સિસ્ટમ

(C) મલ્ટી ટાસ્કિંગ સિસ્ટમ

(D) ટાઈમ શેરીંગ સિસ્ટમ

23. What is the advantage of using database indexes over browsing the internet during research ?

(A) Information on database has been checked by the sources that publish it

(B) Database have wide variety of sources

(C) Access to relevant information is faster than the web browsing

(D) Databases are huge

24. Which of the following acronyms would normally be used to describe unsolicited junk e-mails ?

(A) WHAM

(B) DRAM

(C) CRAM

(D) SPAM

25. Insert the missing number in the following sequence

240, .........., 120, 40, 10, 2

(A) 120

(B) 80

(C) 240

(D) 60

26. If BUT = 101 and NUT = 1301, then HUT = ?

(A) 501

(B) 701

(C) 901

(D) 1001

23. સંશોધન દરમિયાન ઇન્ટરનેટ બ્રાઉઝિંગ કરતી વખતે ડેટાબેઈઝ ઇન્ડેકસ વાપરવાના શું ફાયદા છે ?

(A) ડેટાબેઈઝમાંથી પ્રાપ્ત માહિતીને જેમણે પ્રકાશિત કરી છે તેના દ્વારા ચકાસણી થયેલ હોય

(B) ડેટાબેઈઝ માટેના શ્રોતોમાં વૈવિધ્ય

(C) વેબબ્રાઉઝિંગ કરતાં ઝડપી માહિતિ મેળવવાનું અનુરૂપ છે

(D) વિશાળ ડેટાબેઈઝ છે

24. અનિચ્છનીય રીતે જથ્થામાં મળતાં ઈ-મેઈલ માટે સામાન્ય રીતે કયા ટૂંકાક્ષરો વપરાય છે ?

(A) WHAM

(B) DRAM

(C) CRAM

(D) SPAM

25. નીચેની શ્રેણીમાં ખૂટતી જગ્યાએ સંખ્યા મૂકો

240, .........., 120, 40, 10, 2

(A) 120

(B) 80

(C) 240

(D) 60

26. જો BUT = 101 અને NUT = 1301 તો HUT = ?

(A) 501

(B) 701

(C) 901

(D) 1001

27. Complete the sequence B, D, G, I, L, N, .............

(A) O

(B) P

(C) Q

(D) R

28. What will be the next letters in the following sequence ?

CDBA, GHFE, KLJI, .............

(A) OPMN

(B) OPNM

(C) MNLK

(D) PQON

29. What will be the next letters in the following sequence ?

FEXW, GHVU, JITS, .............

(A) KLRQ

(B) LMRQ

(C) MLQR

(D) KLSR

30. Q is shorter than P but taller than R. R is shorter than P but taller than A. W is shorter than A. If they stand in ascending order of their height, the order in which they are standing would be :

(A) ARWQP

(B) WAQRP

(C) WARQP

(D) WARPQ

27. શ્રેણી પૂરી કરો : B, D, G, I, L, N, .............

(A) O

(B) P

(C) Q

(D) R

28. નીચેની શ્રેણીમાં હવે પછી કયા અક્ષરો આવશે ?

CDBA, GHFE, KLJI, .............

(A) OPMN

(B) OPNM

(C) MNLK

(D) PQON

29. નીચેની શ્રેણીમાં હવે પછી કયા અક્ષરો આવશે ?

FEXW, GHVU, JITS, .............

(A) KLRQ

(B) LMRQ

(C) MLQR

(D) KLSR

30. Q, P કરતાં નીચો પણ R કરતાં ઊંચો છે. R, P કરતાં નીચો પણ A કરતાં ઊંચો છે. W, A કરતાં નીચો છે. જો તેઓ પોતાની ઊંચાઈના ચડતા ક્રમમાં ઉભા રહે તો તેમના ઉભા રહેવાનો ક્રમ હશે :

(A) ARWQP

(B) WAQRP

(C) WARQP

(D) WARPQ

Read the following text and answer the questions **31** to **36** :

A nation is advanced in proportion of education and intelligence spread among the masses. The chief cause of India's ruin has been the monopolishing of the whole education and intelligence of the land among handful of men. If we are to rise again, we shall have to do it by spreading education among the masses. The only service to be done for our lower classes is to give them education to develop their individuality. They are to be given ideas. Their eyes are to be opened to what is going on in the world around them, and then they will work out their own salvation. Every nation, every man and every woman must work out his own salvation. Give them ideas; that is the only help they require, and then the rest must follow as effect. Ours is to put the chemicals together; the crystallization comes in the law of nature.

31. Exposure to new ideas will empower masses as it enables them to understand
    - (A) happenings in the world around
    - (B) that they need to open their eyes
    - (C) helps them to demand what is due to them
    - (D) that they can also learn

નીચેનો ફકરો વાંચી પ્રશ્ન **31** થી **36** ના ઉત્તર લખો :

દેશની પ્રગતિ તેના નાગરિકોના સમૂહમાં શિક્ષણ અને બૌદ્ધિકતાના પ્રસારના પ્રમાણમાં થાય. ભારતની પડતીનું મુખ્ય કારણ એ છે કે તેનું સમગ્ર શિક્ષણ અને બૌદ્ધિકતાનો ઈજારો માત્ર મુઠ્ઠી ભર લોકોના હાથમાં જ રહેલો છે. જો આપણે ફરી ઊંચે ઉઠવું હોય તો પ્રજામાં શિક્ષણનો ફેલાવો કરવો પડશે. આપણા નબળા વર્ગના લોકો માટે કરવા જેવી એક માત્ર સેવા તેઓને શિક્ષણ આપવું જેથી તેઓનાં વ્યકિતત્વનો વિકાસ થાય. તેઓને વિચારો આપવા જોઈએ. દુનિયામાં તેની આજુબાજુ શું બની રહ્યું છે તેનાથી તેઓને અવગત કરવા જોઈએ. ત્યાર પછી તેઓ તેમની મેળે ઉભા થઈ શકશે. દરેક રાષ્ટ્ર, દરેક પુરુષ અને દરેક સ્ત્રીએ પોતાની મુકિત માટે કાર્ય કરવું પડશે. તેઓને વિચારો આપો, તેઓને માત્ર આજ મદદની જરૂર છે, ત્યાર પછીનું બીજું બધું જ આની અસર સ્વરૂપે આવશે. આપણે તો રસાયણોને ભેગાં કરવાના છે, સ્ફટિકીકરણ તો કુદરતના નિયમ પ્રમાણે થશે.

31. નવા વિચારોનું ઉદ્ભાસન લોકસમૂહને શું સમજવામાં મદદ કરે છે ?
    - (A) દૂનિયાની આસપાસ શું બની રહ્યું છે તે
    - (B) તેઓને તેની આંખ ખુલ્લી રાખવાની જરૂર છે
    - (C) તેના માટે શું બાકી છે તે જાણવામાં મદદ કરે છે
    - (D) તે તેઓ પણ શીખી શકે

32. Enhancing the proportion of education and intelligence among the masses can also be called

(A) National programme

(B) Mass education

(C) Development programme

(D) Educational programme

33. One major drawback faced by India post-independence was

(A) unwillingness of masses to get educated

(B) concentration of education among smaller sections of population

(C) economic downfall of masses

(D) lack of ideas among the citizens

34. Upliftment of masses involves one of the following

(A) everyone works out one's own salvation

(B) introduction of programmes for people's salvation by the Government

(C) freedom given to people to work independently

(D) everyone's eyes open while learning

32. લોક સમૂહની બૌદ્ધિકતા અને શિક્ષણના પ્રમાણમાં વધારો કરવો તેને શું કહી શકાય ?

(A) રાષ્ટ્રીય કાર્યક્રમ

(B) સમૂહ શિક્ષણ

(C) વિકાસ કાર્યક્રમ

(D) શૈક્ષણિક કાર્યક્રમ

33. આઝાદી પછીનું સ્વતંત્ર ભારત કઈ મુખ્ય ઉણપનો સામનો કરી રહ્યું છે ?

(A) લોકોના સમૂહની શિક્ષણ મેળવવાની અનિચ્છા

(B) વસ્તીના ઓછા ભાગમાં જ શિક્ષણનું કેન્દ્રિકરણ

(C) લોકસમૂહની આર્થિક અધોગતિ

(D) દેશવાસીઓમાં વિચારોની ઊણપ

34. લોકસમૂહને ઉપર ઉઠાવવા માટે નીચેનામાંથી શું કરવું જોઈએ ?

(A) દરેકે પોતાની સ્વયમ મુક્તિ માટે કાર્ય કરવું

(B) લોકોની મુક્તિ માટે સરકારે પ્રોગ્રામ કરવા

(C) સ્વતંત્ર રીતે કાર્ય કરી શકે તેવી લોકોને સ્વતંત્રતા આપવી

(D) શિક્ષણ પરત્વે લોકોને જાગૃત કરવા

35. Only education can help masses develop as

(A) it makes them learn

(B) it enhances their individuality

(C) it is like putting several chemicals together

(D) it helps them crystallize their efforts

36. The passage is in line with the present day view of education as a process of

(A) self help

(B) idea generation

(C) facilitation of learning

(D) crystallisation of ideas

37. Which of the following is *not* a method of water conservation ?

(A) Dual flush in toilets

(B) Groundwater recharging

(C) RO and UV treatment of water

(D) Rain water harvesting

35. લોકસમૂહને વિકસવામાં માત્ર શિક્ષણ મદદ કરી શકે જેમ કે

(A) તેને શીખવા માટે સક્ષમ બનાવે

(B) તેની વ્યક્તિગત પ્રકૃતિ વિકસાવવી

(C) અનેક રસાયણો ભેગા કરીને મુકવા જેવું

(D) તેના પ્રયત્નોમાં સ્ફટિકીકરણમાં વધારો

36. પરિચ્છેદમાં વર્તમાનમાં શિક્ષણ પ્રક્રિયા અંગેનો દૃષ્ટિકોણ કયો છે ?

(A) સ્વ મદદ

(B) વિચારોનું સર્જન

(C) અધ્યયનમાં સુવિધા

(D) વિચારોમાં સ્પષ્ટીકરણ

37. નીચેનામાંથી કઈ જળ સંરક્ષણની પદ્ધતિ નથી ?

(A) ડબલ ફ્લશવાળા સંડાસ

(B) જમીનના પાણીનું રિચાર્જ

(C) પાણીમાં RO અને UV ની ટ્રિટમેન્ટ

(D) વરસાદના પાણીની જાળવણી

38. Ozone hole is considered harmful to us because

(A) it can increase global warming

(B) it allows UV radiations to reach earth which may cause skin cancer

(C) it may allow entry of toxic gases from other planets

(D) all the gases will escape from this hole and we will be without oxygen

39. Which of the following is *not* a major source of energy ?

(A) fossil fuel

(B) biomass

(C) rains

(D) nuclear energy

40. Which of the following is an environmental problem associated with abandoned coal mines ?

(A) thermal pollution of streams in the area

(B) acid drainage due to leaching of soil heaps by rain water

(C) air pollution caused by smog from ozone formation

(D) alkaline solutions that pollute streams

38. ઓઝોન સ્તરમાં પડેલુ ગાબડું માનવજાત માટે નુકશાનકારક છે કારણ કે

(A) એનાથી ગ્લોબલ વોર્મિંગમાં વધારો થાય છે

(B) એને લીધે UV કિરણો પૃથ્વી પર પડતાં ચામડીના કેન્સરનું જોખમ ઊભુ થાય છે

(C) એનાથી સૂર્યમાળાનાં બીજાં ગ્રહો પરથી ઝેરી વાયુઓ પૃથ્વી પર આવી શકે છે

(D) એમાંથી પૃથ્વી પરનાં તમામ વાયુઓ બહાર નીકળી જતાં આપણા માટે ઓક્સિજન (પ્રાણવાયુ) પણ રહેશે નહીં

39. નીચેનામાંથી કયું ઉર્જાનો મુખ્ય સ્ત્રોત નથી ?

(A) અશ્મિ બળતણ

(B) જૈવિક પદાર્થો

(C) વરસાદ

(D) અણુ ઊર્જા

40. નીચેનામાંથી કઈ સમસ્યા કોલસાની ખાણોની વિપુલતા સાથે જોડાયેલી છે ?

(A) તે વિસ્તારના ઝરણાંનું થર્મલ પ્રદુષણ

(B) વરસાદી પાણીથી જમીનના ધોવાણના કારણે તેજાબયુક્ત જળ નિકાસ

(C) ઓઝોન રચનામાંથી સ્મોગ દ્વારા થતું હવાનું પ્રદુષણ

(D) ઝરણાઓને પ્રદુષિત કરતા અલ્કલાઈન સોલ્યુશન્સ

41. Climate change may pose health related problems because of

(A) malnutrition due to lack of food

(B) diseases due to increased pests

(C) diseases due to increased population of insect carriers

(D) failure of existing medical facility to control any epidemic

42. Which of the following is least likely to be an effect of global warming ?

(A) Extinction of some species

(B) Increase in sea water level

(C) Decreased hydrocarbon in plants

(D) Loss of fertile delta regions for agriculture

43. To ensure quality in higher education, the NAAC provides

(A) Norms and Regulations

(B) Rules and Procedures

(C) Indicators of quality

(D) Case studies of good institutions

41. હવામાનમાં થતા ફેરફારો સ્વાસ્થ્ય સંબંધિત પ્રશ્નો ઊભા કરે છે. જેનું કારણ

(A) આહારમાં કુપોષણ

(B) રોગજન્ય જીવાતનો ઉપદ્રવ વધવાથી થતા રોગો

(C) જંતુવાહકોનો ઉપદ્રવ વધવાથી થતા રોગો

(D) રોગચાળાને નાથવા જરૂરી આરોગ્ય સુવિધાઓની નિષ્ફળતા

42. નીચેનામાંથી ગ્લોબલ વોર્મિંગની અસર ઓછામાં ઓછી હોય તેવું શું છે ?

(A) કેટલીક નિમ્ન જાતિનો વિનાશ

(B) દરિયાની સપાટીમાં વધારો

(C) વનસ્પતિમાં હાઈડ્રોકાર્બનનો ઘટાડો

(D) ખેતિલાયક ફળદ્રુપ ત્રિકોણ પ્રદેશ ગુમાવવા

43. ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાની ખાતરી માટે NAAC પૂરા પાડે છે

(A) ધોરણો અને નિયંત્રણો

(B) નિયમો અને પ્રવિધિ

(C) ગુણવત્તાના નિર્દેશકો

(D) સારી સંસ્થાનો વ્યકિત અભ્યાસ

44. Which of the following is a regulatory body of technical education in India ?

(A) NCTE

(B) MCI

(C) AIU

(D) AICTE

45. Distance learning system involves studying courses through

(A) printed learning material in the college library

(B) printed as well as other media at one's place of living

(C) various methods of learning in college

(D) one's own efforts in the college without attending classes

46. Universities or Higher Education Institutions like to get accredited by NAAC because

(A) degrees get accepted in the academic world

(B) status of the institution is established

(C) get relative placement in academic world

(D) strengths of university get streamlined

44. ભારતમાં તકનિકિ શિક્ષણના નિયંત્રણ માટેની સંસ્થા કઈ છે ?

(A) NCTE

(B) MCI

(C) AIU

(D) AICTE

45. દૂરવર્તિ શિક્ષણમાં અભ્યાસ કેવી રીતે થઈ શકે ?

(A) કોલેજ ગ્રંથાલયમાં છપાયેલી અધ્યયન સામગ્રી દ્વારા

(B) જ્યાં રહેતા હોય ત્યાં માધ્યમો દ્વારા તથા છપાયેલી અધ્યયન સામગ્રી દ્વારા

(C) કોલેજમાં અધ્યયનની વિવિધ પદ્ધતિઓ દ્વારા

(D) કોલેજમાં હાજરી આપ્યા સિવાય સ્વપ્રયત્નો દ્વારા

46. યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ NAAC નું મૂલ્યાંકન કરાવવું ગમે છે, કારણ કે

(A) તેની લાયકાતને વૈશ્વિક સ્વિકૃતિ મળે છે

(B) સંસ્થાનો મોભો સ્થાપિત થાય છે

(C) શિક્ષણની દુનિયામાં સંબંધિત નોકરીઓ મેળવવી

(D) યુનિવર્સિટીની ખૂબીઓને જાહેરમાં લાવે છે

47. Continuous and comprehensive evaluation is better than summative evaluation because it

(A) keeps students busy all through the year

(B) gives a progressive picture of students' achievement

(C) helps in improving students' competencies in different areas

(D) would improve the annual result of the class

48. Several experts criticise semester system in universities. Which of the following statements best endorses their view ?

(A) It does not provide sufficient time for deeper knowledge

(B) It increases the burden of students and teachers

(C) It controls free thinking of students.

(D) The focus is more on earning grades and marks than learning

47. સત્રાંત મૂલ્યાંકન કરતાં સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન વધારે સારું છે. કારણ કે

(A) તેનાથી વિદ્યાર્થીઓ આખું વર્ષ કામમાં રહે છે

(B) વિદ્યાર્થીની સિદ્ધિનું પ્રગતિલક્ષી ચિત્ર આપે છે

(C) વિવિધ ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓની ક્ષમતાઓનો વિકાસ કરવામાં સહાયક બને છે

(D) વર્ગના વાર્ષિક પરિણામમાં સુધારો લાવી શકે છે

48. અનેક વિદ્વાનોએ યુનિવર્સિટીની સેમેસ્ટર પ્રથાની સમીક્ષા કરી છે. તેના દૃષ્ટિકોણને નીચેનામાંથી કયુ વિધાન સારી રીતે સમર્થન કરે છે ?

(A) તે ઊંડાણપૂર્વકના જ્ઞાન માટે પૂરતો સમય આપી શકતું નથી

(B) તે વિદ્યાર્થી અને શિક્ષકોનો ભાર વધારે છે

(C) તે વિદ્યાર્થીઓની સ્વતંત્ર વિચારણાને નિયંત્રિત કરે છે

(D) શીખવાને બદલે માર્ક અને ગ્રેડ મેળવવા તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે

The following data provide the information of the percentage of outgoing students from an academic institution after completing their study. Answer the question nos. **49** to **51** based on these data.

| Percentage of Students | 2010 | 2011 | 2012 |
|---|---|---|---|
| By campus recruitment | 33 | 37 | 39 |
| For further study | 38 | 40 | 41 |
| Unemployed | 4 | 3 | 2 |
| To other activities | 25 | 20 | 18 |
| Total no. of students | 1000 | 1100 | 1200 |

49. What is the average percentage of students per year employed through campus interviews ?

(A) $36\frac{17}{33}$

(B) 37

(C) 38

(D) 35

50. How many students choose other activities in 2012 ?

(A) 216

(B) 210

(C) 250

(D) 180

51. What is the increase in the number of students going for further studies during 2010-2012 ?

(A) 300

(B) 30

(C) 112

(D) 110

નીચેનો ડેટા કોઈ શૈક્ષણિક સંસ્થામાંથી અભ્યાસ પૂર્ણ કર્યા પછી બહાર જતા વિદ્યાર્થીઓની માહિતી, ટકામાં, આપે છે. આ ડેટા પર આધારિત નીચેના **49** થી **51** પ્રશ્નોના જવાબ આપો.

| વિદ્યાર્થીઓ ટકામાં | 2010 | 2011 | 2012 |
|---|---|---|---|
| કેમ્પસ રીક્રુટમેન્ટથી | 33 | 37 | 39 |
| વધુ અભ્યાસાર્થે | 38 | 40 | 41 |
| નોકરી વગરના | 4 | 3 | 2 |
| અન્ય પ્રવૃત્તિઓમાં | 25 | 20 | 18 |
| કુલ વિદ્યાર્થી સંખ્યા | 1000 | 1100 | 1200 |

49. કેમ્પસ રીક્રુટમેન્ટમાં નોકરી મેળવેલ વિદ્યાર્થીઓના વાર્ષિક સરાસરી ટકા કેટલા ?

(A) $36\frac{17}{33}$

(B) 37

(C) 38

(D) 35

50. 2012 માં કેટલા વિદ્યાર્થીઓ અન્ય પ્રવૃત્તિઓ પસંદ કરે છે ?

(A) 216

(B) 210

(C) 250

(D) 180

51. 2010-2012 ના ગાળામાં વધુ અભ્યાસાર્થે જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં કેટલો વધારો થયો છે ?

(A) 300


(B) 30

(C) 112

(D) 110

Answer Q. Nos. **52** to **54** based on the following chart :

**The pie chart below shows various types of residences in a housing colony. In all there are 150 residential houses.**




52. The 20% of the total bungalows are white in colour. How many are there ?

    (A) 10

    (B) 8

    (C) 6

    (D) 12

53. How many residences are flat type ?

    (A) 20


    (B) 30

    (C) 35

    (D) 45

નીચેના ચાર્ટ આધારિત પ્રશ્નો નં. **52** થી **54** ના જવાબ આપો :

નીચેનો પાઈ ચાર્ટ કોઈ એક હાઉસીંગ કોલોનીમાં આવેલ અલગ અલગ પ્રકારના રહેઠાણોની માહિતી આપે છે. બધા મળી કુલ 150 રહેઠાણો છે.




52. કુલ બંગલોઝના 20% સફેદ કલરવાળા છે. આવા કેટલા બંગલોઝ હશે ?

    (A) 10

    (B) 8

    (C) 6

    (D) 12

53. કેટલા રહેઠાણો ફ્લેટ પ્રકારના હશે ?

    (A) 20

    (B) 30

    (C) 35

    (D) 45

54. From among the 12% independent houses, 50% are facing east direction. How many are they ?


(A) 12


(B) 9


(C) 6


(D) 10

55. In the following if the smallest circle represents candidates clearing GSET exam, bigger circle represents candidates clearing only Paper-I of the GSET exam and the biggest circle represents the candidates who failed in the GSET exam, then choose the diagram which correctly represents this relationships.

(A) 

(B) 

(C) 

(D) 

54. 12% સ્વતંત્ર રહેઠાણોના 50% પૂર્વાભિમુખ છે. આવા કેટલા રહેઠાણો હશે ?


(A) 12


(B) 9

(C) 6


(D) 10

55. નીચે આપેલામાંથી સૌથી નાનું સર્કલ GSET પરીક્ષા પાસ કરેલ હોય તેનું પ્રતિનિધિત્વ કરે છે, તેનાથી મોટું સર્કલ પેપર-I પાસ કરેલ ઉમેદવારોનું પ્રતિનિધિત્વ કરે છે અને સૌથી મોટું સર્કલ GSET પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ કરે છે. નીચેનામાંથી એવી આકૃતિ પસંદ કરો જે આ સંબંધ સાચી રીતે પ્રસ્થાપિત કરે.

(A) 

(B) 

(C) 

(D) 

56. Consider the following statement followed by two assumptions (*i*) and (*ii*). Choose the correct answer.

**Statement :**

"You are hereby appointed as a programmer with a probation period of one year and your performance will be reviewed at the end of the period for confirmation."
— A line in an appointment letter.

**Assumptions :**

(*i*) The performance of an individual is generally not known at the time of appointment offer.

(*ii*) Generally an individual tries to prove his/her worth in the probation period.

(A) Only Assumption (*i*) is implicit.

(B) Only Assumption (*ii*) is implicit.

(C) None of the assumptions (*i*) and (*ii*) are implicit.

(D) Both the Assumptions (*i*) and (*ii*) are implicit.

56. નીચે એક વિધાન આપેલું છે તેની નીચે બે પૂર્વધારણાઓ આપેલી છે તેને ધ્યાને લઈ સાચો જવાબ પસંદ કરો.

**વિધાન :**

''તમે પ્રોગ્રામર તરીકે નિમણૂંક પામ્યા છો જેમાં એક વર્ષનો પ્રોબેશન સમય છે એક વર્ષના અંતે તમારા કાર્ય (દેખાવ) ની સમીક્ષાને અંતે તમને કાયમી કરવામાં આવશે.'' તેવું વિધાન નિમણૂંકપત્રમાં લખેલું છે.

**પૂર્વધારણા :**

(*i*) સામાન્ય રીતે વ્યકિતગત કાર્ય (દેખાવ) ને નિમણૂંક વખતે જાણી શકાતું નથી

(*ii*) ખાસ કરીને પ્રોબેશન સમય દરમિયાન વ્યકિત સારો દેખાવના પ્રયત્ન કરે છે.

(A) માત્ર પૂર્વધારણા (*i*) લાગુ પડે

(B) માત્ર પૂર્વધારણા (*ii*) લાગુ પડે

(C) પૂર્વધારણા (*i*) અને (*ii*) માંથી એકપણ લાગુ પડતી નથી

(D) પૂર્વધારણા (*i*) અને (*ii*) બંને લાગુ પડે છે

57. Of the following statements, there are two statements both of which cannot be false but both can be true. Which are these two statements ?

(*i*) All the students wish to complete their study.

(*ii*) Some students do not like Mathematics.

(*iii*) No student wishes to complete the study.

(*iv*) No student likes Mathematics.

(A) (*i*) and (*ii*)

(B) (*iii*) and (*iv*)

(C) (*i*) and (*iii*)

(D) (*ii*) and (*iv*)

57. નીચેના વિધાનોમાંથી બંને વિધાનો ખોટા હોઈ શકે નહીં પરંતુ બંને સાચા હોઈ શકે. આ બે વિધાનો કયા છે ?

(*i*) બધા જ વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ પૂર્ણ કરવાની ઈચ્છા રાખે

(*ii*) થોડા વિદ્યાર્થીઓને ગણિત વિષય પસંદ નથી

(*iii*) કોઈપણ વિદ્યાર્થી અભ્યાસ પૂર્ણ કરવાનું ઈચ્છતો નથી

(*iv*) કોઈપણ વિદ્યાર્થીને ગણિત ગમતું નથી

(A) (*i*) અને (*ii*)

(B) (*iii*) અને (*iv*)

(C) (*i*) અને (*iii*)

(D) (*ii*) અને (*iv*)

58. Evaluate the following statements in terms of whether each is a Fact, Opinion, Prejudice or Advice by choosing correct alternative.

(*i*) Women are not suitable for police service.

(*ii*) In democracy no party should be in power for too long

(*iii*) Have proper rest even during examination time.

(*iv*) Obesity is a risk factor for coronary heart diseases.

| | Opinion | Prejudice | Fact | Advice |
|---|---|---|---|---|
| (A) | (*ii*) | (*iii*) | (*iv*) | (*i*) |
| (B) | (*ii*) | (*i*) | (*iv*) | (*iii*) |
| (C) | (*iii*) | (*i*) | (*iv*) | (*ii*) |
| (D) | (*ii*) | (*iv*) | (*iii*) | (*i*) |

58. નીચેના વિધાનોનું મૂલ્યાંકન કરો. જેમાંનું એક હકીકત, એક અભિપ્રાય, એક પૂર્વગ્રહ અને એક સલાહ છે તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(*i*) સ્ત્રીઓ પોલિસની નોકરી માટે યોગ્ય નથી

(*ii*) લોકશાહીમાં કોઈપણ પાર્ટી લાંબો સમય સત્તા પર રહેતી નથી

(*iii*) પરીક્ષા સમયે પૂરતો આરામ હોવો જોઈએ

(*iv*) મેદસ્વીપણુ એ કોરોનરી હાર્ટએટેક માટે જોખમી પરિબળ છે

| | અભિપ્રાય | પૂર્વગ્રહ | હકીકત | સલાહ |
|---|---|---|---|---|
| (A) | (*ii*) | (*iii*) | (*iv*) | (*i*) |
| (B) | (*ii*) | (*i*) | (*iv*) | (*iii*) |
| (C) | (*iii*) | (*i*) | (*iv*) | (*ii*) |
| (D) | (*ii*) | (*iv*) | (*iii*) | (*i*) |

59. The question below is followed by two arguments numbered (*i*) and (*ii*). Decide which argument is strong.

**Question :**

Should India encourage exports when most things are insufficient for internal use itself ?

**Arguments :**

(*i*) Yes. We have to earn foreign exchange to pay at least for our defence and other necessary exports.

(*ii*) No. Even selective encouragement will lead to shortages.

(A) Only Argument (*i*) is strong.

(B) Only Argument (*ii*) is strong.

(C) Both the Arguments (*i*) and (*ii*) are strong.

(D) None of the arguments (*i*) and (*ii*) are strong.

60. Consider the following two statements and choose the correct answer.

**Statement (*i*) :**

There has been a high increase in the incidents of atrocities against women in the country during past few years.

**Statement (*ii*) :**

The police authority has been unable to nab the culprits committing crime against women.

(A) Statement (*i*) is cause and Statement (*ii*) is effect.

(B) Statement (*ii*) is cause and Statement (*i*) is effect.

(C) Statements (*i*) and (*ii*) are both independent of causes.

(D) Statements (*i*) and (*ii*) are both effects of some independent causes.

59. પ્રશ્નની નીચે બે દલીલો રજૂ કરવામાં આવી છે. (*i*) અને (*ii*). કઈ દલીલ મજબુત છે તેનો નિર્ણય કરો.

**પ્રશ્ન :**

ભારતના આંતરિક ઉપયોગ માટે પણ વસ્તુ અપૂરતી છે તો શું ભારતે નિકાસ કરવી જોઈએ ?

**દલીલો :**

(*i*) હા, સંરક્ષણ અને અન્ય જરૂરી નિકાસ માટે વિદેશી હૂંડિયામણ મેળવવું જરૂરી છે.

(*ii*) ના, થોડીક નિકાસ પણ અછત ઊભી કરે

(A) ફક્ત દલિલ (*i*) મજબુત છે

(B) ફક્ત દલિલ (*ii*) મજબુત છે

(C) બંને દલિલ (*i*) અને (*ii*) મજબુત છે

(D) બંને દલિલ (*i*) અને (*ii*) નિર્બળ છે

60. નીચેના બે વિધાનોને ધ્યાનમાં લઈને સાચો જવાબ પસંદ કરો.

**વિધાન (*i*) :**

આપણા દેશમાં મહિલાઓ પરના અત્યાચારની ઘટના છેલ્લા થોડા વરસોમાં ખૂબ જ વધી ગઈ છે.

**વિધાન (*ii*) :**

સ્ત્રીઓ સામે ગુનાઓને રોકવામાં પોલિસ સત્તાધિશો નિષ્ફળ નિવડયા છે.

(A) વિધાન (*i*) કારણ છે અને વિધાન (*ii*) તેની અસર છે

(B) વિધાન (*ii*) કારણ છે અને વિધાન (*i*) અસર છે

(C) વિધાન (*i*) અને (*ii*) બંને સ્વતંત્ર રીતે કારણ છે

(D) વિધાન (*i*) અને (*ii*) બંને અન્ય સ્વતંત્ર કારણની અસર છે

## ROUGH WORK

SEAL